# બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ, પાટણ.
## શિક્ષણ સહાય

તાજેતરમાં પડાવેલો વિદ્યાર્થીનો ફોટો

**ફકત ઓફીસ માટે**

ફોર્મ જાવક નં.:- ________ ફોર્મ આવક નં. :- ________ મંજૂર થયેલ રકમ રૂ.:-________

ફોર્મ આપ્યા તા.:-________ ફોર્મ મળ્યા તા. :- ________ મંજૂર કરનારની સહી:-________

**બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ શિક્ષણ સહાય ફોર્મ**

(૧) વિદ્યાર્થીનું નામ (અટક પહેલાં લખવી) ____________________
હાલનું સરનામું :- ____________________
પીન કોડ નંબર :- ________ ફોન નંબર :- ________ મોબાઈલ નંબર :- ________

(૨) પિતા / વાલીનું નામ (અટક પહેલાં લખવી) ____________________

(૩) ગામ તથા શહેરનું નામ :- ____________ તા.______ જી. ______વતનમાં રહેતા ન હોય તો વતન છોડયાને કેટલા વર્ષ થયા ? ________

(૪) વાલીના ધંધાની વિગત અને સરનામું :- ____________________

(૫) વિદ્યાર્થીના અભ્યાસક્રમની વિગત :-

| અ.નં. | અભ્યાસ | બોર્ડ/કોલેજનું નામ | પાસ કર્યાનું વર્ષ | ( માત્ર થીયરી ) | | | કુલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મેળવેલ | કુલ ગુણ | ટકા | | |
| ૧. | S.S.C.(૧૦મું) | | | | | | | |
| ૨. | H.S.C.(૧૨મું) | | | | | | | |
| ૩. | | | | | | | | |
| ૪. | | | | | | | | |

(૬) લોન માંગેલ અભ્યાસક્રમની વિગત :-
(૧) અભ્યાસક્રમનું નામ:- ____________ (૨) વિષય (લાઈન) :________
(૩) આખરે મેળવવાની ડીગ્રીનું નામ :-________ (૪) અભ્યાસક્રમ કેટલા વર્ષનો છે? ___
(૫) કયા વર્ષમાં અભ્યાસ કરો છો ? ________ (૬) જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય કે કરવાના હોય તે સંસ્થાનું નામ અને સરનામું:- ____________________

____________________

(૭) મેળવેલ પ્રવેશની કેટેગરી :- ટીક કરવી

- મેરીટ પ્રમાણે સામાન્ય ફી ની બેઠક ☐
- મેરીટ પ્રમાણે પેમેન્ટથી ફી ની બેઠક ☐
- હાયર પેમેન્ટ ફી ની બેઠક ☐

(૭) જે સંસ્થામાં અભ્યાસ કરો છો / કરવાના છો તેમાં થનાર ખર્ચની વિગત :-
(ફી ની રસીદ ઝેરોક્ષ સાથે)

| વાર્ષિક/સેમેસ્ટર ફી રૂા. | હોસ્ટેલ ફી રૂા. | અન્ય ખર્ચ રૂા. | કુલ ખર્ચ રૂા. | નોંધ |
|---|---|---|---|---|
| | | | | |

(૮) માતા-પિતા/વાલીની આર્થિક સધ્ધરતા :-
(૧) કુટુંબના સભ્યોની આવક :-

| ક્રમ | કુટુંબના સભ્યોનાં નામ | શૈક્ષણિક લાયકાત | અરજદાર સાથેનો સંબંધ | ઉંમર | કુલ વાર્ષિક આવક રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |

(૨) મકાનની વિગત (માલિકનું હોય તો) પરિવારની વાર્ષિક કુલ આવક :-

| ક્રમ | મકાનના વપરાશનો પ્રકાર | બાંધકામ કાચું / પાકું | અદાજે બાંધકામ વિસ્તાર ચો. મી. | મકાનનીઅંદાજે કિંમત રૂા. |
|---|---|---|---|---|
| ૧. | મૂળ વતનમાં રહેઠાણ નું મકાન | | | |
| ૨. | મૂળ વતનમાં ધંધાનું મકાન | | | |
| ૩. | શહેરમાં રહેઠાણનું મકાન | | | |
| ૪. | શહેરમાં ધંધાનું મકાન | | | |

(૩) જમીનની વિગત :- ____________________
(૧) ખેતીની જમીનનું ક્ષેત્રફળ ૭/૧૨-૮-અ નકલ (હેકટરમાં) ખેતીની વાર્ષિક આવક રૂા.____

(૯) અન્ય કોઈ સંસ્થા પાસેથી લોન લીધી હોય / લેવા માંગતા હોય તો તેની વિગત :-

| ક્રમ | સંસ્થા કે વ્યકિતનું નામ-સરનામું | લોનનું વર્ષ | લોનની રકમ રૂા. | લોન રજી. નંબર | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

(૧૦) લોન મંજૂર થાય તો વિદ્યાર્થીના નામના બેંક ખાતાની નીચેની વિગત ફરજીયાત લાવવી. ( કોરો ચેક પણ સાથે લાવવો જરૂરી છે. ) ( વિદ્યાર્થી સગીર હોય તો પિતાના નામનું બેંક ખાતું હોવું જોઈએ અને જો વિદ્યાર્થી પુખ્ત હોય તો પોતાના નામનું બેંક ખાતું હોવું જરૂરી છે.)

| બેંકનું નામ, શાખા - સરનામું | બેંકનો કોર્ડ નંબર (માઈકર) | વિદ્યાર્થીનો ખાતા નંબર |
|---|---|---|
| | | |

(૧૧) ઓળખ પત્ર :
( વિદ્યાર્થી જરૂરીયાતમંદ છે તેની ખાત્રી અને ઓળખ આપી શકે તેવા બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ, પાટણના સભ્ય એ ભલામણ કરી સહી કરવી )

વિદ્યાર્થીશ્રી : ____________________ ગામ : __________ તા.:______ જી.:________
હાલ રહેવાસી : ______________________________ ને હું છેલ્લા ________
વર્ષથી ઓળખું છું. વિદ્યાર્થીના પિતા / વાલીની આર્થિક પરિસ્થિતિ જોતાં વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક રીતે જરૂરીયાતમંદ છે તે અંગે ખાત્રી સાથે ઓળખ આપું છું.
ઓળખ આપનારનું નામ :- ______________________________
સરનામું :- ______________________________
ફોન નંબર :- ____________________ મોબાઈલ નંબર :- ____________________
તારીખ :- __________ ઓળખ આપનારની સહી :- ____________________
સામાજીક સંસ્થામાં કોઈ હોદ્દો ધરાવતાં હોય તો સંસ્થાનું નામ અને હોદ્દો :-
ભલામણ પત્ર :-
મંડળના કોઈપણ સદસ્યે લોન મંજૂર કરવા માટે ભલામણ કરવી તથા વિદ્યાર્થીનો બાંહેધરીપત્ર ભલામણ કરનાર વ્યકિતએ પોતાની પાસે રાખવો.
વિદ્યાર્થીશ્રી ______________________________ ને અને
ઓળખ આપનારશ્રીને ________વર્ષથી ઓળખું છું.
સદરહુ વિદ્યાર્થીને લોન મંજૂર કરવા ભલામણ કરૂં છું. લોન નિયત સમયમાં પરત કરશે તે અંગે ખાત્રી આપું છું.
ભલામણ કરનારનું નામ અને સરનામું :- ______________________________
______________________________ ફોન નંબર : __________ મો.નંબર :________
તા.______________ ભલામણ કરનારની સહી :- ________________

(૧૩) વિદ્યાર્થી અને પિતા / વાલીનું બોહંધરીપત્રક / કબુલાત નામું

હું વિદ્યાર્થીશ્રી ____________________ અને વિદ્યાર્થીના પિતા/વાલીશ્રી ____________________ અમો ____________ ના રહીશ તે અમોએ મંડળના નિયમો વાંચ્યાં છે. તે નિયમો અમોને બંધનકર્તા છે. અમો લોન પરત કરવા બંધાઈએ છીએ. જે અંગેનું કાયદેસરનું કોઈપણ કબુલાતનામું કરી આપવા કબુલીએ છીએ. અરજીમાં જણાવેલી વિગત અમારી જાણ અને સમજ મુજબ સાચી છે. કોઈપણ વિગત ખોટી જણાય તો સંસ્થા પાસેથી મેળવેલી લોન નિયત સમય મર્યાદા પહેલાં વ્યાજ સાથે પરત કરવા અમો વિદ્યાર્થી અને વાલી વારસદારો બંધાઈએ છીએ.

(૧) વિદ્યાર્થીની સહી :____________ (૨) પિતા/વાલીની સહી :____________

## અરજી ફોર્મ સાથે નીચે જણાવેલ પ્રમાણિત ઝેરોક્ષ નકલ મોકલવી.

(૧) સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ (૨) ૧૦ મું પાસ કર્યાની માર્કશીટ (૩) ૧૨ મું પાસ કર્યાની માર્કશીટ (૪) કોલેજના આચાર્યનું બોનાફાઈડ સર્ટીફીકેટ (૫) હાલ કોલેજમાં ભણતા હોય તો છેલ્લી પરીક્ષાની માર્કશીટ (૬) જમીન ધરાવતા હોય તો છેલ્લા છ માસના ૭/૧૨ અને ૮-અ નો ઉતારો (૭) ૨ ફોટા- એક ફોર્મમાં ચોંડાડવો અને બીજો યુ પીન થી જોડીને આપવો. (૮) આધાર કાર્ડ (૯) ચૂંટણી કાર્ડ

## બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ ઉચ્ચ શિક્ષણ લોન સહાયના નિયમો

બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળના તેજસ્વી અને આર્થિક રીતે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓનું ઉચ્ચ શિક્ષણ તથા શૈક્ષણિક પ્રગતિ નાણાંકીય સગવડતાનાં અભાવે ન રૂંધાય તે હેતુથી બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળની વગર વ્યાજની લોન સહાય આપવાની આ યોજના છે.

(૧) બેતાલીસ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી અને આર્થિક રીતે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ લોન માટે અરજી કરી શકશે.

(૨) વિદ્યાર્થીના મા-બાપ / વાલીની વાર્ષિક ચોખ્ખી આવક રૂા. ૬,૦૦,૦૦૦/- અંકે રૂપીયા છ લાખ પૂરાં કરતાં ઓછી હોવી જોઈએ.

(૩) બેતાલીસ લેઉવા પાટીદાર સમાજમાંથી લોન માટે અરજી કરનાર વિદ્યાર્થી ધોરણ-૧૨ માં ઓછામાં ઓછા ૭૫ કે તેથી વધારે ગુણ મેળવેલા હોવા જરૂરી છે.
નોંધ :- એક ગ્રુપ રાખેલ હોય તો કુલ થીયરીના ૩૦૦ ગુણમાંથી ૨૪૦ ગુણ હોવા જરૂરી છે.
બન્ને ગ્રુપ રાખેલ હોય તો કુલ થીયરીના ૪૦૦ ગુણમાંથી ૩૨૦ ગુણ હોવ જરૂરી છે.

(૪) આ લોનનો મુખ્ય હેતુ તેજસ્વી વિદ્યાર્થીઓની પ્રગતિ નાણાંકીય સગવડનાં અભાવે રૂંધાય નહી તે જોવાનું છે.

(૫) લોન સહાયની રકમ શિક્ષણસહાયમાં પ્રાપ્ય ભંડોળ ધ્યાને લઈને નિર્ણય શિક્ષણસહાય સમિતિ કરશે.

(૬) પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ માટે લોન મળવાપાત્ર નથી.

(૭) બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળમાંથી અપાયેલી ઉચ્ચ શિક્ષણ સહાય ફક્ત જે અભ્યાસક્રમ માટે આપવાની આવી છે તે જ અભ્યાસક્રમ માટે વાપરી શકાશે. વિદ્યાર્થી પાછળથી ફેરફાર કરશે, અભ્યાસક્રમ છોડી દેશે કે અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ નહી કરે તો આપેલ સઘળી લોન એક જ હપ્તામાં ૯ % વ્યાજ સાથે પરત કરવાની રહેશે.

(૮) લોન લેનાર વિદ્યાર્થી અને તેના વાલી/પિતા લીધેલ લોન અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયાના એક વર્ષ બાદ ચાર વર્ષમાં સરળ હપ્તામાં પરત કરવાની રહેશે.
(૯) લોન પરત કરવાની જવાબદારી લોન લેનાર વિદ્યાર્થી, તેના વાલી/પિતા અને જામીનદારની રહેશે.
(૧૦) લોન લેનાર વિદ્યાર્થી જો લોન પરત કરવામાં કસુર કરશે તો વિદ્યાર્થી અને તેના વાલી/પિતાનું નામ લેખીત કાગળ પરિપત્ર, પત્રિકા, દૈનિક સમાચાર પત્રો, ટીવી. ચેનલ જેવા માધ્યમો દ્વારા તેના રહેણાંક વિસ્તારમાં અને તેના વતનમાં ગામમાં લોન પરત નહી કર્યાની વિગત સાથે પ્રસિધ્ધ કરવામાં આવશે.
(૧૧) લોન પરત નહી કરવામાં આવે તો કોર્ટ કાર્યવાહી કરી, લોન અને તેનું વ્યાજ તથા કોર્ટ કચેરી જાહેર માધ્યમોમાં થયેલ સઘળો ખર્ચ વસુલ કરવામાં આવશે. જે વિદ્યાર્થી, વાલી અને જામીનદારને બંધનકર્તા રહેશે.
(૧૨) લોન લેનાર વિદ્યાર્થીએ દર વર્ષે પોતાની પ્રગતિનો અહેવાલ બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળને જણાવવાનો રહેશે.
(૧૩) પોતાના સરનામામાં જો ફેરફાર થાય તો તરત જ બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળને ફેરફાર થયેલ સરનામું જણાવવાનું રહેશે.
(૧૪) બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ આર્થિક રીતે જરૂરીયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને તેની પ્રગતિમાં સહાયરૂપ થવાના શુભઆશયથી સ્વૈચ્છિક રીતે લોન આપે છે. લોન આપવી / મંજૂર કરવી કે નહી એ બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ માટે બંધનકર્તા કે ફરજીયાત નથી. લોન મંજૂર કરાવવા કર્મચારી સાથે કોઈ દલીલ કે તકરાર કરવી નહિ.
(૧૫) બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ તરફથી ઉચ્ચશિક્ષણ માટે અપાયેલ લોન, નિયમો કોઈ અન્ય કોઈ વિવાદમાં સમાજ ટ્રસ્ટની કારોબારીનો નિર્ણય આખરી રહેશે અને તે વિદ્યાર્થી, તેના વાલી / પિતા અને જામીનદારને બંધનકર્તા રહેશે.
(૧૬) બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળ આર્થિક રીતે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે લોન સહાય ભંડોળ મર્યાદિત છે. અતિઆવશ્યક આર્થિક જરૂરીયાત હોય તેણે જ અરજી કરવી.
(૧૭) અરજી ફોર્મ સાથે અસલ (ઓરીજનલ) પ્રમાણપત્ર મોકલવા નહી. પ્રમાણપત્રોની ખરી નકલ- કરાવી મોકલવી. જે અરજી ના મંજૂર થયે પરત કરવામાં આવશે નહિ.
(૧૮) ચકાસણી વખતે ઓરીજનલ કાગળો રજૂ કરવાના રહેશે તથા ચકાસણી વખતે કોઈપણ ગેરરીતિ અથવા દસ્તાવેજમાં માહિતી અપૂર્ણ હશે કે જણાશે અથવા લોન મંજૂર થયા બાદ જણાશે તો તાત્કાલિક અસરથી લોન રદ કરવાની રહેશે અને લોન રદ થયાના અઠવાડિયામાં પૂરી રકમ (લીધેલાં તમામ નાણાં) પરત કરવાના રહેશે.
(૧૯) વિદ્યાર્થીઓએ બાંહેધરી પત્ર / ઓળખાણ પત્ર ભલામણકર્તાને આપવાની રહેશે. ફોર્મની સાથે બાંહેધરીપત્ર / ઓળખાણપત્ર નકલ આપવાની રહેશે.
(૨૦) લોન રીન્યુઅલ વખતે વિદ્યાર્થીએ હાયર સેકન્ડરી કલાસ લાવવાનો રહેશે.

સ્થળ :- ---------------------- વિદ્યાર્થીની સહી :- ---------------------

તારીખ :- ----------------------- વાલી/પિતાની સહી :--------------------